# મહેસાણાના ઊંઝામાં ૩૬૦ આવાસોનું મુખ્યમંત્રી દ્વારા ઇ-લોકાર્પણ

## ઘરવિહોણા લોકોને પાકું સુવિધાયુક્ત આવાસ મળે તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ : વિજયભાઇ રૂપાણી

મહેસાણા, તા. ૬

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ નાયબ મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં મહેસાણા જિલ્લાના ઉંઝા નગરપાલિકા દ્વારા રામનગર ખાતે નિર્માણ થયેલ ૩૬૦ આવાસોનું ગાંધીનગર ખાતેથી ઇ લોકાર્પણ કર્યુ હતું.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે રાજ્યમાં કોરોનાની મહામારીમાં પણ પ્રજાહિતના કામો કરવામાં આવેલ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૨૨ સુધીમાં તમામ લોકોને ઘરનું ઘર હોય એવો સંકલ્પ જાહેર કર્યો છે તે દિશામાં નક્કર કામગીરી કરીને રાજ્ય સરકારે ૪ લાખ આવાસો પુર્ણ પણ કરી દીધા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે રાજ્યમાં ઘરવિહોણાને પાકું અને સુવિધાયુકત આવાસ મળે તે માટે સરકાર કટિબધ્ધ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત આવા આવાસો નિર્માણ કરી જરૂરીયાતમંદ નાગરિકો માટે છતનું નિર્માણ કર્યું છે.

તેમણે સરકારની આવાસ યોજના થકી લોકોનું ઘરનું ઘર સ્વપન પુરૂ થવા લાગ્યું છે અને સરકાર દ્વારા નિર્માણ પામેલા આવાસોમાં ગટર, પાણી, લાઇટ,



રસ્તા, સફાઇ સહિત તમામ સુવિધાઓ આપવામાં આવી છે તેમ જણાવી ઘર મેળવનાર પરીવારોને શુભકામનાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીએ કહ્યું કે સમાજના વંચિત વર્ગો ઈકોનોમીકલી વીકર સેકશનના પરિવારોને પોતીકું આવાસ મળે અને તેમને પણ વિકાસની મુખ્ય ધારામાં લાવી શકાય તેવી સંકલ્પના સાથે આપણે ''ચલો જલાયે દિપ વહાં, જહાં અભીભી અંધેરા હૈ'' સાકાર કર્યુ છે.

તેમણે રાજ્ય સરકારની વિવિધ ગરીબ કલ્યાણલક્ષી યોજનાઓથી સરવાળે આવા વર્ગોના સર્વગ્રાહી ઉત્થાન અને રોટી, કપડા, મકાનની બેઝિક જરૂરિયાત સરળતાએ મળે તે જ કલ્યાણ રાજ્યનો ધ્યેય છે તેમ ઉમેર્યુ હતું.

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઇ પટેલે સરકાર દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના પરીવારને ધ્યાનમાં રાખીને આવાસ યોજનાઓનું નિર્માણ કરાઇ રહ્યું છે. મહેસાણા જિલ્લાના ઉઝા ખાતે સુવિધાસભર ઘરનું ઘર ઓછી કિંમતે લાભાર્થીઓને મળી રહ્યું છે તે માટે પાલિકા દ્વારા કરેલ કામગીરી અભિનંદનને પાત્ર છે.

## આજે હિંમતનગર નગરપાલિકાને વિકાસ કામો માટે ૧.૫૦ કરોડ મળશે

### મુખ્યમંત્રી દ્વારા વિડિયો કોન્ફરન્સ થકી કલેક્ટરની ઉપસ્થિતિમાં ચેક સ્વિકારાશે

હિંમતનગર, તા. ૬

હિંમતનગર નગરપાલિકા દ્વારા સરકારની વિવિધ યોજનાઓ થકી શહેરમાં જે વિકાસ કામો કરાઈ રહ્યા છે ત્યારે તેમાં મદદરૂપ થવા માટે શુક્રવારે મુખ્યમંત્રી દ્વારા ગુજરાતની તમામ નગરપાલિકાઓને સહાયના ચેકનું ઓનલાઈન વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો છે. ત્યારે તેમાં હિંમતનગર નગરપાલિકાને અંદાજે રૂ. ૧.૫૦ કરોડનો ચેક કલેક્ટરની ઉપસ્થિતિમાં વિડિયો કોન્ફરન્સના માધ્યમથી મળશે.

આ અંગે પાલિકાના ચીફ ઓફીસર યશપાલસિંહ વાઘેલાના જણાવાયા મુજબ હિંમતનગરના શહેરી વિસ્તારમાં અત્યારે ટીપી, ડીપી રોડ, ભુગર્ભ ગટરલાઈન તથા અન્ય વિકાસ કામો કરાઈ રહ્યા છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા હિંમતનગર નગરપાલિકાને વિવિધ યોજનાઓ હેઠળ અંદાજે રૂ. ૧.૫૦ કરોડની સહાય કરવાનું નક્કી કરાયુ છે. જેના ભાગરૂપે શુક્રવારે આ કાર્યક્રમ ગાંધીગરમાં યોજવાને બદલે મુખ્યમંત્રીએ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી ચેક વિતરણ કરવાનું નક્કી કર્યુ છે. જોકે હાલ કોરોના મહામારીને લઈને સોશિયલ ડીસ્ટન્સ જળવાઈ રહે તે આશયથી ઓનલાઈન સહાયના ચેકોનું વિતરણ થશે.

શુક્રવારે જિલ્લા કલેક્ટર સી.જે. પટેલની અધ્યક્ષતામાં યોજાનાર આ કાર્યક્રમમાં પાલિકાના પદાધિકારીઓ તથા ચીફ ઓફીસર હાજર રહી જરૂર પડે મુખ્યમંત્રી સાથે વાર્તાલાપ કરશે અને જે યોજના માટે સહાય મળનાર છે તે યોજના અંગે પણ મુખ્યમંત્રી કાર્યાલયના અધિકારીઓને પુરક માહિતી પુરી પાડીને જાણકારી આપવામાં આવશે. તાજેતરમાં જ હિંમતનગર નગરપાલિકા દ્વારા પ્રતાપગઢ પેટ્રોલ પંપથી હાથમતી ઓવરબ્રિજ પરની સ્ટ્રીટલાઈટોનો પ્રારંભ કરાયો છે. જેના લીધે રાત્રે અહીંથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ માટે ખુબજ સુલભતા રહેશે.

## સાબરકાંઠામાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી : પ્રાંતિજ, તલોદમાં બે, ખેડબ્રહ્મામાં દોઢ ઈંચ

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠાની પ્રજાને ખાસ્સા દિવસ રાહ જોવડાવ્યા બાદ બુધવારથી મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરીને મુરઝાતી મોલાતને જીવતદાન આપ્યું છે. દરમિયાન ગુરૂવારે જિલ્લામાં તલોદ અને પ્રાંતિજ પંથકમાં સરેરાશ બે ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે ખેડબ્રહ્મા પંથકમાં દોડ ઈંચ વરસાદ પડતા મકાઈ, મગફળી અને કપાસના પાકને ફાયદો થયો છે. જો કે પોશીના, વડાલી, વિજયનગર અને હિંમતનગરમાં સામાન્ય વરસાદ થયો હોવાનું ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી જણાવાયુ છે.

જિલ્લા ડીઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ ગુરૂવારે સવારે છ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધીમાં આકાશ વાદળોથી ગોરંભાયેલુ રહ્યુ હોવાને કારણે આખો દિવસ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ રહ્યુ હતુ. દરમિયાન બપોરના સુમારે તલોદ તાલુકામાં ૪૯ મી.મી. જ્યારે પ્રાંતિજ તાલુકામાં ૪૬ મી.મી. વરસાદ પડ્યો છે. જેના લીધે ખાસ કરીને મગફળી, ડાંગર અને કપાસને ખુબજ ફાયદો થશે. જોકે હિંમતનગર સહિતના અન્ય વિસ્તારોમાં આકાશ વાદળછાયુ રહ્યુ હોવા છતાં સામાન્ય વરસાદ વરસ્યો હતો. તેમ છતાં રાયગઢ અને ગાંભોઈ પંથકમાં ગુરવારે બપોરના સમયે વરસાદનું જોરદાર ઝાપટુ પડ્યાના અહેવાલ સાંપડ્યા છે. બીજી તરફ ખેડબ્રહ્મા અને આસપાસના વિસ્તારોમાં દિવસ દરમિયાન ઝાપટાં સ્વરૂપે સરેરાશ ૩૨ મી.મી. વરસાદ પડ્યો છે. જ્યારે પોશીનામાં ૭, વડાલીમાં ૩, વિજયનગરમાં ૫ અને હિંમતનગરમાં ૪ મી.મી. વરસાદ નોંધાયો હોવાનું ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી જણાવાયુ છે. જોકે હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ અરબી સમુદ્રમાં વરસાદની જે બીજી સીસ્ટમ આકાર લઈ રહી છે તેના લીધે ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા અને રાજસ્થાનના દક્ષિણ વિસ્તારોમાં સારો વરસાદ થવાની શક્યતા નકારી શકાતી નથી. જો આગામી દિવસોમાં સારો વરસાદ થશે તો જિલ્લામાંથી પસાર થતી અનેક નદીઓ અને કેનાલ જે સુકીભઠ્ઠ ભાસી રહી છે તેમાં નવા નીર આવ્યા બાદ જિલ્લામાં આવેલા નાના તળાવો અને મોટા જળાશયોમાં પાણીની આવક થઈ શકશે.

## સાબરકાંઠામાં કોરોનાના કેસ વધવા માંડ્યા : ૧૪ નવા કેસ

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી કોરોના પોઝેટીવ કેસની સંખ્યા વધી રહી છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં નવા ૧૪ કેસ ઉમેરાતાની સાથે કુલ આંકડો ૪૯૨ પર પહોંચ્યો છે. તેમાં હિંમતનગર શહેર અને તાલુકામાં ૬, ઈડર તાલુકામાં ૩, પ્રાંતિજ તાલુકામાં ૧ જ્યારે વિજયનગર તાલુકામાં નવા ૨ કેસ નોંધાયા છે. આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં જે નવા ૧૪ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગર શહેરના પોલોગ્રાઉન્ડમાં ૬૩ વર્ષીય મહિલા, નિકુંજ સોસાયટીમાં ૫૪ વર્ષીય પુરૂષ, મહેતાપુરામાં ૩૦ વર્ષીય મહિલા, મહાવીરનગરની નિર્મલ સોસાયટીમાં ૬૦ વર્ષીય પુરૂષ તથા કાંકણોલ પંચાયતની હદમાં આવેલ ટેલીફોન સોસાયટીમાં રહેતા ૬૬ વર્ષીય પુરૂષનો ગુરૂવારે કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે. તેજ પ્રમાણે હિંમતનગર તાલુકાના રાયગઢ ગામના પણ ૬૫ વર્ષીય પુરૂષ કોરોનામાં સપડાયા છે.

ઈડર તાલુકાના લક્ષ્મણપુરા ગામના ૬૦ વર્ષીય પુરૂષ, બડોલીમાં ૪૮ વર્ષીય પુરૂષ જ્યારે વેરાબર ગામે ૩૦ વર્ષીય પુરૂષનો રીપોર્ટ કોરોના પોઝેટીવ આવતા તેમના પરીવારમાં ચિંતાની લાગણી પ્રસરી ગઈ છે. પ્રાંતિજ તાલુકાના રસુલપુર ગામમાં પણ ૬૮ વર્ષીય મહિલા કોરોનામાં સપડાયા છે. જ્યારે ખાસ્સા લાંબા સમય બાદ વિજયનગરમાં ૬૫ વર્ષીય મહિલા અને વાંકડા ગામમાં ૩૦ વર્ષીય પુરૂષમાં કોરોના પોઝેટીવના લક્ષણો જણાયા છે.





### અરવલ્લીમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ

રાજ્યમાં આગામી ત્રણ ચાર દિવસ હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે, ત્યારે અરવલ્લી જીલ્લામાં સાર્વત્રિક વરસાદ થતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો. ત્યારે ગુરુવારે બપોર બાદ જીલ્લાના મોડાસા પંથક સહીત અનેક વિસ્તારોમાં કાળા ડિબાંગ વાદળો સાથે વાતાવરણમાં પલટો આવતા ગાજવીજ સાથે ધોધમાર વરસાદ ખાબક્યો હતો. મોડાસા શહેરમાં પડેલા ધોધમાર વરસાદથી નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હોવાનું જાણવા મળ્યું હતું.

